નવી મંજુર થયેલ આદર્શ નિવાસી
શાળાઓમાં મદદનીશ સમાજ કલ્યાણ
અધિકારી તેમજ મદદનીશ શિક્ષકોની
જગ્યા પર આઉટસોર્સથી કામગીરી
મેળવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સકછ/૧૦૧૭/૩૩૪૩૭૪(૧૦૨૦)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૬/૭/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા. અને અ વિભાગના તા.૧૮/૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૧૬/૭૨૭૮૫૯(નબા-૪૫)/ગ

(૨) શિક્ષણ વિભાગનાં તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક/બમશ/૧૦૧૪/૧૪૦/ગ

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.03-0૬-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ-અજાક/ મકમ/ ૪/૧૧૭૭/૨૦૧૭/ક

આમુખઃ-

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી /વિદ્યાર્થીનીઓને રહેવા, જમવાની મફત સુવિધા મળી રહે તે હેતુથી કુલ-૨૦ આદર્શ નિવાસી શાળાઓ મંજુર થયેલ છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સામાન્ય પ્રવાહની આદર્શ નિવાસી શાળા (૧) મુન્દ્રા (કચ્છ) (કુમાર) (૨) લખપત (કચ્છ)(કુમાર) (૩) મોરબી (કન્યા) તથા (૪) પોરબંદર (કુમાર) આદર્શ નિવાસી શાળા શરૂ કરવા અંગે વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૧૮/૫/૨૦૧૭ના ઠરાવથી વર્ષ ૨૦૧૭-૧૮ માં વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમ-૩ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩-૬-૨૦૧૭ ના પત્રથી નવી મંજુર થયેલ આદર્શ નિવાસી શાળાઓમાં મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી તેમજ મદદનીશ સિક્ષકોની જગ્યા પર આઉટસોર્સથી કામગીરી મેળવવા બાબતેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે આ જગ્યાઓ ભરતી નિયમો અનુસાર નિયમિત ધોરણે ભરાય ત્યાં સુધી આ જગ્યાની કામગીરી આઉટસોર્સીંગથી/શિક્ષણ વિભાગનાં તા.૨૧/૧૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક/બમશ/૧૦૧૪/૧૪૦/ગ અનુસાર માનદ્‌વેતનનાં ધોરણે લેવાની મંજુરી આપવામાં આવે છે. આ જગ્યાઓ ભરતી નિયમો અનુસાર ભરવા સત્વરે કાર્યવાહી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૨૭-૦૬-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
નાયબ નિયામકશ્રી, અજાક, ની કચેરી, જિ.ભૂજ-કચ્છ,મોરબી,પોરબંદર
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) , જિ.ભૂજ-કચ્છ, મોરબી,પોરબંદર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, , જિ.ભૂજ-કચ્છ, મોરબી,પોરબંદર
સે.અ.શ્રી, જ-શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કો.સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.